# બનાસકાંઠા ડિસ્ટ્રિક્ટ કેળવણી મંડળ, પાલનપુર

## સંચાલિત

## આર.આર. મહેતા કોલેજ ઓફ સાયન્સ એન્ડ

## સી.એલ. પરીખ કોલેજ ઓફ કોમર્સ, પાલનપુર

---

### લેબોરેટરી આસિસ્ટન્ટ અને પ્લાન્ટ કલેકટરની ભરતી માટેની અગત્યની સૂચના

બનાસકાંઠા ડિસ્ટ્રિક્ટ કેળવણી મંડળ સંચાલિત આર.આર.મહેતા કોલેજ ઓફ સાયન્સ એન્ડ સી.એલ.પરીખ કોલેજ ઓફ કોમર્સ, પાલનપુર ને ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી ગાંધીનગરના પત્ર ક્રમાંક કવટ/isc-3/NOC/૨૦૬૫૬-૫૭ તા. ૨૩/૦૯/૨૦૨૫ ના પત્રથી લેબોરેટરી આસિસ્ટન્ટ- ભૌતિકશાસ્ત્ર-૨, વનસ્પતિશાસ્ત્ર-૧ અને પ્લાન્ટ કલેકટર-૧ બિન અનામત (OPEN) ની મળેલ NOC અન્વયે વેબસાઈટ પર મુકેલ નિયત નમુના મુજબની અરજીઓ, યોગ્યતાના આધારોની સ્વયં પ્રમાણિત નકલો સાથે જાહેરાત પ્રસિદ્ધ થયેથી મંડળના ઉપરોક્ત સરનામે દિન-૧૫ માં ફક્ત RPAD/SPEEDPOST AD મારફતે મોકલી આપવા જણાવવામાં આવે છે.

**સૂચનાઓ:**

- માન્ય યુનિવર્સીટી માંથી સ્નાતક પાસ કરેલ હોવા જોઈએ.
- ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતીના (સામાન્ય) નિયમો,૧૯૬૭ માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈએ.
- ઉમેદવાર ગુજરાતી અથવા હિન્દી અથવા બંને ભાષાઓનું પુરતુ જ્ઞાન ધરાવતો હોવો જોઈએ.
- ઉંમર જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ ના રોજ ગણવામાં આવશે. ઉમેદવારની ઉંમર ૨૦ વર્ષથી ઓછી નહીં અને ૩૫ વર્ષથી વધુ ન હોવી જોઈએ. અનામત વર્ગના ઉમેદવારો બિન –અનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેઓને બિન અનામત ના ધોરણો લાગુ પડશે. વય મર્યાદા રાજ્ય સરકારના નિયમો મુજબ રહેશે.
- એન.ઓ.સી.ની શરત મુજબ આ જગ્યા પાંચ વર્ષ માટે ફિક્સ પગારની રહેશે. પાંચ વર્ષ પૂર્ણ થયે કામગીરી ની સમીક્ષા કર્યા બાદ મંજુર થયેલ લઘુતમ પગાર ધોરણમાં નિમણૂક આપવામાં આવશે.
- પ્રથમ પાંચ વર્ષ દરમિયાન કોઈ ભથ્થા તેમજ તેના આનુસંગિક કે અન્ય લાભ મળવાપાત્ર રહેશે નહી.
- હાલમાં નોકરી કરતા ઉમેદવારોએ પોતાના સંસ્થાના વડા મારફતે એન.ઓ.સી પ્રમાણપત્ર સાથે અરજી કરવાની રહેશે.
- નિમણૂક પામનાર ઉમેદવારને ઉપર દર્શાવ્યા મુજબ તારીખ ૨૩/૦૯/૨૦૨૫ થી મળેલ એન.ઓ.સી ની તમામ શરતો બંધનકર્તા રહેશે.
- અધૂરી વિગતો વાળી કે આધારો વગરની અરજીઓ તેમજ નિયત સમય મર્યાદા બાદ આવેલ અરજીઓ આપોઆપ રદ ગણાશે.

- સદર ભરતી પ્રક્રિયા અન્વયે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દવારા નક્કી કરેલ ભરતીનાં નિયમો અને લાયકાતના ધોરણો મુજબ કરવામાં આવશે.
- ઉમેદવાર જે જગ્યા માટે અરજી કરી હોય તે જગ્યાનું નામ કવર ઉપર સ્પષ્ટ લખવાનું રહેશે.
- વેબસાઈટ દ્વારા ભરતી પ્રક્રિયા અંગેની માહિતી પૂરી પાડવામાં આવશે જેથી અવારનવાર ઉમેદવારોએ વેબસાઈટ જોતા રહેવું.
- ઉમેદવાર એક થી વધુ કેટેગરી વાળી જગ્યા પર અરજી કરે ત્યારે ઉમેદવારે લેખિત પરિક્ષામાં મેળવેલા ગુણ અરજી કરેલ બધી જ કેટેગરી માટે એક સરખા જ ગણવામાં આવશે.

**પરિક્ષા પધ્ધતિ :-**

**લેબ.આસીસ્ટન્ટ અને પ્લાન્ટ કલેકટર**

રાજ્ય સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા.૦૮/૧૧/૨૦૨૩ ના ઠરાવ ક્રમાંક: ભરત/૧૦૨૦૨૩/૬૩૮૯૩૭/ક થી મંજુર કરવામાં આવેલ પરિક્ષા પધ્ધતિ ના નિયમો અનુસાર સંવર્ગ -૩ ના તાંત્રિક થતા બિન તાંત્રિક સંવર્ગોની (ખાસ વિષયો-Subject Specific) શૈક્ષણિક લાયકાત તરીકે જરૂરી હોય તેવી જગ્યાઓની સીધી ભરતીથી ભરવા માટે જે સંવર્ગોના ભરતી નિયમો સાથે પરીક્ષા નિયમો નક્કી થયા નથી તેવા તમામ સંવર્ગોની પરીક્ષા પધ્ધતિ મુજબ ભરવાની રહેશે.

પરિક્ષા પધ્ધતિ: પરીક્ષા MCQ પધ્ધતિ થી લેવામાં આવશે ભાગ-૧ અને ભાગ-૨ એમ બે ભાગમાં લેવામાં આવશે. પ્રશ્નપત્ર નું લેવલ શૈક્ષણિક લાયકાત ને સમકક્ષ રહેશે.

**ભાગ -૧**

| ક્રમ | વિષય | ગુણ |
|---|---|---|
| ૧ | તાર્કિક કસોટીઓ તથા Data interpretation | ૩૦ |
| ૨ | ગણિતિક કસોટીઓ | ૩૦ |
| | કુલ ગુણ | ૬૦ |

**ભાગ-૨**

| ક્રમ | વિષય | ગુણ |
|---|---|---|
| ૧ | ભારતનું બંધારણ, વર્તમાન પ્રવાહો, અંગ્રેજી અને ગુજરાતી કોમ્પ્રીહેન્સન | ૩૦ |
| ૨ | સંબધિત વિષય અને તેની ઉપયોગીતાને લગતા પ્રશ્નો | ૧૨૦ |
| | કુલ ગુણ | ૧૫૦ |

**નોંધ- અભ્યાસક્રમની વિષયવસ્તુ નિયત કરેલ શૈક્ષણિક લાયકાત મુજબ રહેશે.**

(૧) ભાગ-૧ માં કુલ ૬૦ પ્રશ્નો અને ભાગ -૨ માં કુલ ૧૫૦ પ્રશ્નો એમ કુલ ૨૧૦ પ્રશ્નો પૂછવામાં આવશે. ભાગ-૧ અને ભાગ-૨ બન્ને માટે સંયુક્ત રીતે કુલ ૩ કલાક (૧૮૦ મિનીટ ) નો સમય મળવાપાત્ર રહેશે.

(૨) ભાગ-૧અને ભાગ-૨નું સ્વતંત્ર(અલાયદ્) Qualifying Standard રહેશે.

(૩) સ્પર્ધાત્મક પરીક્ષાનાં ભાગ -૧ માટે ન્યુનતમ ગુણવત્તા ધોરણ ૪૦% અને ભાગ-૨ માટે ન્યુનતમ ગુણવત્તા ૪૦% રાખવામાં આવેલ છે. તેમાં કોઈપણ કેટેગરીના ઉમેદવારો માટે ૪૦% માર્ક્સ કરતા ઓછુ ન્યુનતમ ગુણવત્તા ધોરણ (Qualifying standard) કોઈપણ સંજોગોમાં નક્કી કરી શકશે નહી.

(૪) ઉમેદવારોએ ભાગ-૧ અને ભાગ-૨ માં મેળવેલા કુલ ગુણના આધારે કુલ જગ્યાના આશરે બે ગણા ઉમેદવારો અરજી ચકાસણી (Document Verification) ને પાત્ર થશે.

(૫) ભાગ-૧ તથા ભાગ-૨ ના કુલ ૨૧૦ ગુણમાંથી ઉમેદવારે મેળવેલ ગુણના આધારે આખરી પસંદગી યાદી અને પ્રતિક્ષા યાદી તૈયાર કરવામાં આવશે.

(૬) જે-તે સંવર્ગની જગ્યાઓ ભરવા માટે જાહેરાતમાં જે સંખ્યા દર્શાવવામાં આવેલ હોય તે સંખ્યાને ધ્યાનમાં લઇને સરકારશ્રીની વખતો વખતની સૂચનાઓને અનુરૂપ મેરીટનું ધોરણ મંડળ નિયત કરી શકશે.

(૭) MCQ પધ્ધતિમાં ખોટા જવાબ આપનાર અથવા પ્રશ્નોનો જવાબ ન આપેલ હોય તો તેવા સંજોગોમાં ૦.૨૫ માર્ક્સ ઓછા કરવાના રહશે એટલે કે નેગેટીવ માર્કીંગ પધ્ધતિ અપનાવવાની રહેશે "જવાબ આપવા માગતા નથી- નો પાંચમો વિકલ્પ રાખવાનો રહેશે પરંતુ જે ઉમેદવારે આ વિકલ્પ પસંદ કરેલ હોય તે સંજોગોમાં નેગેટીવ માર્કિંગ ગણવાનું રહેશે નહીં, એટલે કે ૦.૨૫ માર્ક્સ ઓછા કરવાના રહેશે નહી.

(૮) પસંદગી /પ્રતીક્ષા યાદી તૈયાર કરવા બાબતે સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો લાગુ પડશે.

(૯) કોઈ કારણોસર પ્રશ્ન રદ કરવામાં આવે તો, તેવા સજોગોમાં રદ થયેલ પ્રશ્નના ગુણની બાકી રહેલ પ્રશ્નના ગુણભારમાં પ્રો-રેટા (Pro-Rata) મુજબ ગણતરી કરવામાં આવશે.

**સામાન્ય સૂચનાઓ** :

1. ઉમેદવારે અરજી પત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે.અને તેના પુરાવા પ્રમાણપત્રોની ચકાસણી સમયે અસલમાં રજુ કરવાના રહેશે. અન્યથા અરજી પત્રક જે તે તબક્કે "રદ " ગણવામાં આવશે.
2. ઉમેદવારે અરજી પત્રકમાં જે ફોટો રજુ કરે છે તેની પાસપોર્ટ સાઈઝના ફોટાની એક કરતાં વધુ કોપીઓ પોતાની પાસે રાખવી અને આ જાહેરાત સંવર્ગની સમગ્ર ભરતી પ્રક્રિયામાં તેજ ફોટાની કોપીનો ઉપયોગ કરવાનો રહેશે.(જેમ કે પરીક્ષા સમયે હાજરી પત્રકમાં લગાવવો તેમજ અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે પણ તે જ ફોટાની કોપી રજુ કરવાની રહેશે)
3. ઉમેદવાર અરજી પત્રક ભરતી વખતે જે મોબાઇલ નંબર દર્શાવે છે તે નંબર ચાલુ રાખવો. અરજી પત્રકમાં દર્શાવેલ મોબાઇલ નંબર ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી જાળવી રાખવો આપના હિતમાં છે ભરતી સબંધેની તમામ સૂચનાઓ મંડળની વેબસાઈટ ઉપર મુકવામાં આવશે. https:// www.bkdkm.org અચૂક જોતા રહેવું.
4. ઉમેદવારે અરજી પત્રકમાં બતાવેલી કોઈપણ વિગત અને અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજૂ કરેલ જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત, વય, જાતિ, અનુભવ વગેરેના પ્રમાણપત્રો ભવિષ્યમાં જે તબક્કે ચકાસણી દરમ્યાન ખોટા માલૂમ પડશે તો તેની સામે યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આવા ઉમેદવારની ઉમેદવારી મંડળ "રદ' કરી શકશે તેમજ અન્ય સંવર્ગોની ભરતી માટે પણ ગેરલાયક

ઠરાવવામાં આવશે. તેમજ જો પસંદગી/નિમણુંક થયલે હશે તો પસંદગી/નિમણુંક, કરનાર સત્તાધિકારી દ્વારા કોઈ પણ તબક્કે “રદ” કરવામાં આવશે.

5. મંડળ દ્વારા લેવાનાર સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉત્તીણ થવાથી જ ઉમેદવારને નિમણુંક માટેનો હકક મળી જતો નથી. નિમણુક સમયે સત્તાધિકારીને ઉમેદવાર બધી જ રીતે યોગ્ય છે તેમ સંતોષ થાય અને ત્યારબાદ સરકારશ્રી પૂર્વ મંજુરી મળ્યા બાદ જ ઉમેદવારને નિમણુંક આપવામાં આવશે.
6. પસંદગી પામેલ ઉમેદવાર નિમણુંક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધિન નિમણુંક મેળવવાને પાત્ર થશે.
7. ઉમેદવાર પોતે પરિક્ષામાં સફળ થયો હોવાના કારણોસર સંબધિત જગ્યા ઉપર નિમણુક કરવાનો દાવો કરવાને હક્કદાર થશે નહી . નિમણુક કરનાર સત્તાધિકારીને પોતાની એવી ખાત્રી થાય કે જાહેર સેવા સારું ઉમેદવાર યોગ્ય જણાતો નથી તો તેને પડતો મૂકી શકશે. નિમણુક બાબતે તેઓનો નિર્ણય આખરી ગણાશે.
8. ભરતી પ્રકિયા સંપૂર્ણપણે ગુજરાત મુલ્કીસેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ (વખતો વખતના સુધારા સહિત) અને તે અન્વયે જે તે સંવર્ગના ઘડવામાં આવેલ ભરતીના નિયમોને આધિન રહશે.
9. આ જાહેરાત અન્વયે અર્થઘટન બાબતે જે તે સંવર્ગના ભરતી નિયમો અને પરીક્ષા નિયમોની જોગવાઈ આખરી રહશે.
10. આ જાહેરાત તથા ભરતી પ્રકિયામાં કોઈ પણ કારણોસર તેમાં ફેરફાર કરવાની કે રદ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાનો સંચાલક મંડળને સંપૂર્ણ હકક/અધિકાર રહશે અને મંડળ આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહી.

**તારીખ :-૨૮/૧૦/૨૦૨૫**
**સ્થળ : પાલનપુર**

**પ્રમુખશ્રી/મંત્રીશ્રી**
**કારોબારી સમિતિ**
બનાસકાંઠા ડિસ્ટ્રિક્ટ કેળવણી મંડળ
પાલનપુર